DAY — 03 SEAT NUMBER | | | | | | |

2025	II	13	1100	J-260	(G)

GUJARATI (03)

Time : 3 Hrs. (15 Pages) Max. Marks : 80

[વિદ્યાર્થીઓ માટે સૂચના]

→ આકલન કૃતિ અને વ્યાકરણ કૃતિ માટે જ્યાં જરૂરી જણાય ત્યાં આકૃતિઓ દોરવી.

→ આકૃતિઓ પેનથી જ દોરવી, પેન્સિલથી નહિ.

→ જરૂર જણાય ત્યાં ઉત્તર પૂર્ણ વાક્યમાં લખવા.

→ લેખન વિભાગમાંનાં નિવેદન કે સૂચના ફરીથી લખવા નહિ.

→ આકૃતિમાંનું મજકૂર પેનથી જ લખવું.

વિભાગ - ૧ ગદ્ય (૨૦ ગુણ)

કૃતિ ૧. (અ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. **[૮]**

(૧) નીચેના વાક્યોને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો : (૨)

(i) બીજે દિવસે નગર મુક્ત થયું.

(ii) સત્તર વરસની વયે તેણે જીવનનું લક્ષ્ય નિયત કર્યું.

(iii) ફ્રાન્સના ભાવિ રાજા ચાર્લ્સ સાતમાને મળી.

(iv) તેની યોજનાને બહાલી આપી.

સ્ત્રીઓ ઉપર થતા જુલમોનો ઇતિહાસ તો કદાચ મહાભારતથીય મોટો બને. સદીઓથી આપણે એ જુલમો આચારતાં જ રહ્યાં, એ અટકતા જ નથી અને કેવાં કેવાં વાહિયાત કારણસર.. ૧૪૧૨માં જન્મેલી ફ્રેન્ચ જૉન ઑફ આર્ક એ જમાનાની તો વીરાંગના હતી. ઘણું કરીને બર્નાર્ડ શૉએ પોતાનું એક નાટક આ નાયિકાને કેન્દ્રમાં રાખીને રચ્યું હતું. છેક નાનપણથી જોતી આવેલી કે પોતાના દેશવાસીઓ કેટલાય દાયકાઓથી લૂંટાતા રહ્યાં હતાં. માત્ર સત્તર વરસની વયે તેણે જીવનનું લક્ષ્ય નિયત કર્યું હતું. ફ્રાન્સને ઇંગ્લૅન્ડની ચુંગાલમાંથી મુક્ત કરવાનું! આ માટે તે ફ્રાન્સના ભાવિ રાજા ચાર્લ્સ સાતમાને મળી પણ ખરી. તેની આ યોજનામાં કેટલાકને રસ પડ્યો. તેની યોજનાને બહાલી આપી. ૧૦,૦૦૦ ખેડૂતોને સૈન્ય આપ્યું. ૨૮મી એપ્રિલ, ૧૪૨૯નાં રોજ તે ઓર્લિયન્સ નગરમાં કૂચ કરતી પેઠી. બીજે દિવસે નગર મુક્ત થયું. તેની કુશાગ્ર વ્યૂહરચનાને કારણે ઇંગ્લૅન્ડના અંકુશનાં એક પછી એક નગર મુક્ત થયાં. બધાંને લાગતું કે જૉનમાં દૈવી તેજ છે. ચાર્લ્સ ગાદીએ બેઠા પછી રાજયની સંમતિ વિના તેણે અંગ્રેજો વિરુદ્ધ એક બીજી લડત આદરી પણ તે પકડાઇ ગઇ અને અંગ્રેજોને સોંપી દેવાઇ. રાજાને પોતાની રાજગાદી જતી રહેવાનો ડર લાગ્યો એટલે તેના છુટકારા માટેની રકમ ન ચૂકવી. તેની સામે ખટલો ચાલ્યો, ચૌદ મહિનાની કાર્યવાહી પછી મૃત્યુદંડની સજા ફરમાવી. પાછળથી તેણે કેટલીક ભૂલો કબૂલી એટલે મૃત્યુદંડને બદલે તેને જનમટીપની સજા થઇ. જેલમાં તેણે પુરુષોનાં કપડાં પહેરવા માંડ્યાં અને માત્ર આ ગુનાસર તેના પર ફરી કામ ચાલ્યું અને નગરચોકમાં તેને સળગાવી દીધી. ફ્રાન્સની મુક્તિદાતાને પુરુષપ્રધાન સમાજે આ પુરસ્કાર આપ્યો !

(૨) કોણ તે કહો : (૨)

(i) જૉન ઑફ આર્કને કેન્દ્રમાં રાખીને નાટક રચનાર.

.....

(ii) ફ્રાન્સની મુક્તિદાતા. .....

(iii) ચૌદ મહિનાની કાર્યવાહી પછી જૉનને મળેલી સજા.

.....

(iv) જૉન કૂચ કરતી ઓર્લિયન્સ નગરમાં પેઠી તે તારીખ.

.....

(૩) નીચેના શબ્દો માટે ગદ્યાંશમાં વપરાયેલા વિરોધી શબ્દો શોધીને લખો : (૨)

(i) નિડર × .....

(ii) અસંમતિ × .....

(iii) નિરંકુશ × .....

(iv) આસુરી × .....

(૪) 'નારીને મારી નાખીને 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે' તો બગભગતના જાપ બની જાય' આ વિધાન તમારા શબ્દોમાં સમજાવો. (૨)

(આ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. **[૮]**

(૧) આકૃતિબંધ પૂર્ણ કરો : (૨)



"આ આર્થિક સ્વાવલંબન અને સમાજસેવા વચ્ચે રમતગમત ભણી કેવી રીતે વળ્યાં ?"

"મારા આ કામકાજ બદલ મને આત્મનિર્ભરતા ઍવોર્ડ મળ્યો. એ સમયે ઘણાંએ એ બદલ ટીકા કરી કે હોટેલમાં કામકાજ તો પતિ અને

સસરા કરે અને આ બહેન આવી ગયાં ઍવાર્ડ લેવાં. હકીકતમાં પતિદેવ હોટેલમાં પગ પણ મૂકતા નહોતા. એટલે મેં જોશમાં આવી નક્કી કર્યું કે મારા શરીરથી થઈ શકે અને લોકો જોઈ શકે એવું કામ કરવું છે. એટલે મેં મોટરસાઈકલ ચલાવવાનું શરૂ કર્યું. આમેય મને મોટરસાઈકલ ચલાવવાનો ખૂબ શોખ. પરંતુ એ સમયે મહિલાઓ આ વાહન ચલાવતી નહોતી. મેં પોતાને ફાવે એવી મોટરસાઈકલ બનાવડાવવા માટે ફાંફાં માર્યા. દિલ્હી ગઈ, મુંબઈ ગઈ પણ મેળ ન ખાધો. દિલ્હીમાં એક ભાઈ વ્યક્તિગત અભિરુચિ પ્રમાણેની વિશિષ્ટ મોટરસાઈકલ બનાવી આપે.

એમાં મુશ્કેલી એ હતી કે મારી પીઠ-ખભા નબળાં હતાં, જે મોટરસાઈકલનો ભાર વહન ન કરી શકે. આમેય બાળપણમાં ગાંઠને લીધે ૧૯૭૭માં મારી પહેલી સર્જરી થઈ હતી. પુણેની હોસ્પિટલમાં શસ્ત્રક્રિયા બાદ ત્રણ વર્ષ સુધી હું દિવ્યાંગ તરીકે રહી હતી, ત્યારે મનમાં ડર બેસી ગયો હતો કે ગમે ત્યારે ફરી ગાંઠ થશે. અને એ સમયે ફરીથી મારું ઓપરેશન શક્ય નહોતું કારણ કે પીઠ ઘણી કપાઈ ચુકી હતી.''

''આટલી બધી શારીરિક મુશ્કેલી વચ્ચે તો રમતગમતનો શોખ વધુ મુશ્કેલ બન્યો હશે ને !''

''ખભા નબળા હોવાથી મોટરસાઈકલ ચલાવવાનું શક્ય નહોતું. આના ઉકેલ માટે ૨૦૦૫માં હું દિલ્હી ગઈ, છ મહિનાનો રિફ્રેશર કોર્સ કર્યો. એ સમયે હાઈડ્રો થેરેપીમાં વોટર એક્સરસાઈઝ શરૂ કરાવી. મને આનંદ થયો કે હું નથી પાણીમાં ડૂબતી કે નથી ડરતી. અહમદનગર પાછા ફરીને હું આર્મી સ્વીમીંગ પુલમાં પ્રેક્ટિસ કરવા માંડી. એ વખતે બધાંને એમ કે હું કંઈ કરી નહિં શકું. સૌ મને કહેતાં - કિતની લકી હૈ, સાસ-સસુરને રખા હૈ, પતિને છોડા નહિં. પરંતુ આ બધાંની પરવા

કર્યા વગર હું તરવા જવા માંડી. આ જોઈને ત્યાંના વિલાસ દૌને નામના ભાઈએ સૂચન કર્યું કે મારે તરણ સ્પર્ધામાં ભાગ લેવો જોઈએ. મેં ઘરે વાત કરી તો બધાંને આશ્ચર્ય થયું. અંતે હું મારી હોટેલના એક છોકરાને લઈને દિલ્હી ગઈ. ત્યારે ૩૬ વર્ષની ઉંમરે મેં રાષ્ટ્રીય સ્પર્ધામાં ત્રણ ગોલ્ડ મેડેલ મેળવ્યા. સાથોસાથ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ માટે પસંદ થઈ. ૨૦૦૬માં કુઆલાલમ્પુર ગઈ અને ત્યાં એક ઈન્ટરનેશનલ એથ્લેટનો જન્મ થયો. મારો બીજો નંબર આવ્યો.''

(૨) સમજીને લખો : (૨)

(i) દીપા મલિકને તરણ સ્પર્ધામાં ભાગ લેવાની સલાહ આપનાર. .....

(ii) સ્વાવલંબન માટે દીપા મલિકનો મળેલ ઍવોર્ડ. .....

(iii) દીપા મલિકની પહેલી સર્જરી થઈ તે સાલ. .....

(iv) તરણસ્પર્ધામાં દીપાબહેને ત્રણ મેડલ જીત્યા ત્યારની તેમની ઉંમર. .....

(૩) ગદ્યાંશમાં આવેલાં અંગ્રેજી શબ્દો શોધીને લખો : (૨)

(i)

(ii)

(iii)

(iv)

(૪) ''જીવનમાં રમતગમતનું મહત્વ'' વિશે તમારો મત લખો. (૨)

(ઈ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો : **[૪]**

(૧) કોષ્ટક પૂર્ણ કરો : (૨)

કેળવણી	કોની
(i) દાસી નથી	
(ii)	વિજ્ઞાનની
(iii) પ્રતિહારી નથી	
(iv)	અર્થશાસ્ત્રની

કેળવણી કહે છે કે હું સત્તાની દાસી નથી. કાયદાની કિંકરી નથી. વિજ્ઞાનની સખી નથી. કળાની પ્રતિહારી નથી. અર્થશાસ્ત્રની બાંદી નથી. હું તો ધર્મનું પુનરાગમન છું, મનુષ્યનાં હૃદય, બુદ્ધિ તેમજ તમામ ઇંદ્રિયોની સ્વામિની છું. માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર એ બે મારા પગ છે. કળા અને હુન્નર મારા હાથ છે. વિજ્ઞાન મારું મસ્તિષ્ક છે. ધર્મ મારું હૃદય છે. નિરીક્ષણ અને તર્ક મારી બે આંખો છે. ઇતિહાસ મારા કાન છે. સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે. ઉત્સાહ અને ઉદ્યોગ મારાં ફેફસાં છે. ધીરજ મારું વ્રત છે. શ્રદ્ધા મારું ચૈતન્ય છે. આવી હું જગદંબા છું, જગધાત્રી છું. મારી ઉપાસના કરનાર બીજા કોઈનો ઓશિયાળો નહિં રહે. એની સર્વ કામના મારી મારફતે પરિપૂર્ણ થઇ શકે એમ છે.

જેવો જીવનનો આદર્શ તેવો જ કેળવણીનો આદર્શ; જેવી જીવનસાફલ્યની કલ્પના તેવી જ અધ્યયનની દિશા. માણસ બદ્ધ છે, અજ્ઞાની છે, કુવાસનાઓથી દોરાયેલો છે, પરિસ્થિતિથી જકડાયેલો છે, તેથી તેનો આત્મા દબાઇ ગયો છે. વિકાસને માટે તેને અવકાશ નથી મળતો. આ

બધાં બંધનોમાંથી જે મુક્ત કરે તે જ સાચી કેળવણી : શરીરને રોગ અને દુર્બળતાથી મુક્ત કરે, બુદ્ધિને અજ્ઞાન અને ખોટા વિચારોમાંથી મુક્ત કરે, મનને લાલચ, ભય અને અદેખાઈ જેવી કુવાસનાઓથી મુક્ત કરે.

(૨) આકૃતિબંધ પૂર્ણ કરો : (૨)



વિભાગ - ૨ પદ્ય (૧૬ ગુણ)

કૃતિ ૨. (અ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. **[૬]**

(૧) લખો : (૨)

શૂરવીરનાં લક્ષણો

(i) ☐

(ii) ☐

(iii) ☐

(iv) ☐

શૂરવીર તે જસનો લોભી, હિંમતમદિરા પીએ;
ઉમંગથી તે ધસી વધે વા, ખૂબ ટકાવી રાખે. ડગલું.

ભણી ગણી જન પુખ્ત વિચારે, પાયો નાખે મજબૂત;
કો કાળે પણ જસ મોટો લે, નર્મદકેરું સાબૂત. ડગલું.

તજી હામ ને ઠામ મૂકવા, ખૂણા જે કો ખોળે;
ધિક્ કાયર તે અપજસરૂપી, ખાળકૂંડીમાં બોળે. ડગલું.

પોતાનો પસ્તાવો થાયે, જખ મારી રે ભારે;
મુઆ નહિ કાં કરી પરાક્રમ, રણે ઊઠાવ્યું જ્યારે. ડગલું.

(૨) નીચેના શબ્દો માટે પદ્યાંશમાં વપરાયેલાં શબ્દો લખો : (૨)

(i) અફસોસ =

(ii) હિંમત =

(iii) શોધે =

(iv) લોકો =

(૩) 'લક્ષ્યપ્રાપ્તિ માટેના જરૂરી ગુણો' તમારા શબ્દોમાં વર્ણવો. (૨)

(આ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. **[૬]**

(૧) નીચેનો અર્થ દર્શાવતી પંક્તિ શોધીને લખો : (૨)

(i) માતાએ પોતાની પુત્રીને ઝૂકીને પાલવ વડે ઢાંકી.

(ii) કવિ પોતાની સાથે ઘડો ભરીને ગંગાજળ લાવ્યા.

(iii) કવિની દર્શનની તીવ્ર ઇચ્છા પૂરી ન થઈ.

(iv) સાંજે કવિ તેની પત્ની સાથે ઓટલે બેઠાં હતા.

ભમ્યો યાત્રાધામો, અડસઠ જલે સ્નાન કરિયાં;
વળી સાથે લાવ્યો વિમલ ઘટ ગંગોદક ભરી,
છતાં રે ના લાંધ્યું પ્રભુ ! પુનિત એક્કે તીરથ, જ્યાં
શકે મારી છીપી ચરમ મનીષા તું દરશની !
અને એવા ઝાઝા દિન વહી ગયા શોધન મહીં,
વહ્યા એથી ઝાઝા સતત ઘટમાળે જીવનની !
અમે બે સાંજુકાં સહજ મઢીઓટે નિત પેઠે
વળ્યાં'તાં વાતોએ, નયન નમણાં ને સખીતણાં
ઢળ્યાં'તાં વાત્સલ્યે, મૂદુલ નવજાતા કલી પરે-
ઝૂકી, ઢાંકી જેને અરધપરધા પાલવ થકી

(૨) આપેલા શબ્દોમાંથી વિસંગત શબ્દ શોધીને લખો - (૨)

(i)	ઝાઝા	વધારે	ઘણાં	ઓછા
(ii)	મૂદુલ	કઠોર	કોમળ	નાજુક
(iii)	પાવક	પુનિત	પાપી	પવિત્ર
(iv)	દાનવ	પ્રભુ	દેવ	ઈશ્વર

(૩) 'માતૃભક્તિનો મહિમા' તમારા શબ્દોમાં લખો. (૨)

(ઇ) નીચેનામાંથી <u>કોઈપણ એક</u> નો જવાબ લખો : **[૪]**

(૧) નીચે આપેલી કાવ્યપંક્તિનો ભાવાર્થ લખો.

'દૂર છે પંથ દ્વારામતી, કયમ જવાયે મારા વતી ?
તાંહાં તો જઈ ન શકે રાય શક્ર રક્ષા કરે સુદર્શન ચક્ર'

(૨) 'પહેલો વરસાદ' કાવ્યનો રસાસ્વાદ કરાવો.

વિભાગ - ૩ સાહિત્ય પ્રકાર (૧૨ ગુણ)

કૃતિ ૩. (અ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. **[૬]**

(૧) આકૃતિબંધ પૂર્ણ કરો : (૨)

જમનાનો પતિ વકીલ બની ખૂબ કમાવાનો હતો.



જમનાનો પતિ આઝાદીની લડતમાં સામી છાતીએ બંદૂકની ગોળી ખાઈને શહીદ થયો હતો. ગામ આખું એના નામની ઈજ્જત કરતું હતું. ગામની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં સ્વાતંત્ર્ય દિને અને પ્રજાસત્તાક દિવસે ધ્વજવંદન પછીનાં પ્રવચનોમાં એનું ખૂબ અદબપૂર્વક સ્મરણ થતું.

પણ જમના, પતિ વિશેની વાત નીકળતાં જ નારાજ થઈ જતી. પતિની વાત ચાલતી હોય ત્યાંથી ઊઠીને ચાલવા માંડતી. ક્યારેક તો અધીરી બનીને પતિ વિશે વાત કરનારને ચૂપ થઈ જવા કહેતી.

જમનાના આ વલણને ગામલોકો પાગલપણું કે જડતામાં ખપાવતા અને એના ઉપર તરસ ખાતા. પણ જમના એના મનમાં એકદમ સ્પષ્ટ હતી - લગ્ન પછી પૂરાં બે વર્ષ પણ થયાં નહોતાં અને પતિએ પોતાનો કે બાળક જુગલનો કશો જ વિચાર કર્યા વગર, આંખો મીંચીને જીવ ફેંકી દીધો છે. નિભાવ માટે જમીન-જાગીર કે રોકડ ભંડોળ કશું નહોતું. રહેવા માટે ફક્ત એક ખોરડું-નળિયાવાળું ઘર... પતિ પોતાને રઝળતી મૂકીને ચાલ્યો ગયો છે.

અને એમાંય આઝાદી પછી સમય બદલાતાં કાયમનું દેવામાં ડૂબેલું લોક બે પાંદડે થવા લાગ્યું અને પોતાની સ્થિતિ એની એ રહી, ત્યારે એના

મનમાં રહેલી પેલી અસંતોષની લાગણી સાથે ઈર્ષાનો અગ્નિ પણ ભળ્યો અને પોતાની આ સ્થિતિ માટે પતિનો વારંવાર દોષ જોવા લાગી.

રોજ સાંજે કે સવારે કોઇ એને મજૂરીએ લઇ જવા માટે નક્કી કરવા આવતું ત્યારે, એ પરણીને આ ઘરમાં આવી એ વખતે પતિએ કહેલી ઘણીઘણી વાતો એને યાદ આવી જતી. પતિ એ વખતે બી.એ.ના છેલ્લા વર્ષમાં હતો. બી.એ. થયા પછી એ વકીલાતનો અભ્યાસ કરવાનો હતો. મોટો વકીલ બનીને ખૂબ કમાવાનો હતો. મોભો, ધન, બંગલો, ગાડી...

(૨) સમજીને લખો : (૨)

(i) ધ્વજવંદનનાં દિન → ☐ ☐

(ii) ગામમાં આવેલી શાળાઓ → ☐ ☐

(૩) દેશ પ્રત્યેની તમારી ફરજો વિશે લખો. (૨)

(આ) ૧૦૦ થી ૧૨૦ શબ્દોમાં જવાબ લખો (કોઈપણ એક) : **[૪]**

(૧) ભૂરી અને સૂરજડોશી વચ્ચેનો લાગણીનો સંબંધ 'અંજળપાણી' વાર્તાને આધારે લખો.

(૨) 'બેંક બેલેન્સ' વાર્તા પરથી તમને મળતો બોધ લખો.

(ઇ) ૫૦ થી ૬૦ શબ્દોમાં જવાબ લખો. (કોઈપણ એક) : **[૨]**

(૧) ટૂંકીવાર્તામાં સંવાદ અને પાત્રનું મહત્ત્વ વર્ણવો.

(૨) ટૂંકીવાર્તામાં પરિવેશ અને ભાષાશૈલીની આવશ્યકતા વર્ણવો.

વિભાગ - ૪ વ્યાકરણ (૧૪ ગુણ)

કૃતિ ૪. સૂચના પ્રમાણે કરો (કોઈપણ સાત) : **[૧૪]**

(૧) સંધિ છોડો : (૨)

(અ) પ્રત્યુત્તર = પ્રતિ ₹ .....

(બ) ગ્રંથાલય = ... ₹ આલય

(ક) સ્વાર્થ = ... ₹ અર્થ

(ડ) તારુણ્યાવસ્થા = તારુણ્ય ₹ .....

(૨) યોગ્ય વિકલ્પ શોધીને વિશેષણ-વિશેષ્ય લખો : (૨)

(અ) પઠાણી .....

(૧) પૈસા (૨) નફો (૩) વ્યાજ

(બ) ધમધોકાર .....

(૧) નોકરી (૨) ધંધો (૩) ચાકરી

(ક) આકરી .....

(૧) કસોટી (૨) મજા (૩) નિશાની

(ડ) અડાબીડ .....

(૧) રાત (૨) નદી (૩) જંગલ

(૩) ઉપમા સંબંધિત યોગ્ય જોડી જોડો : (૨)

'અ'	'બ'
(અ) ભોળું	(i) માખણ
(બ) લીસું	(ii) તલવારની ધાર
(ક) વિરાટ	(iii) વાઘ
(ડ) વિકરાળ	(iv) પારેવું
	(v) બ્રહ્માંડ

(૪) અર્થભેદ લખો : (૨)

(અ) દોશી - .....; દોષી - .....

(બ) પુરી - .....; પૂરી - .....

(૫) કાળ પરિવર્તન કરો : (૨)

(અ) એકેએક વિશાળઘાટ માનવમેદનીથી ઉભરાય છે.

(ભૂતકાળ)

(બ) મને લોકોને મળવું ગમતું હતું.

(વર્તમાનકાળ)

(૬) નીચેની કહેવતની સમાનાર્થી કહેવત લખો : (૨)

(અ) દાનત તેવી બરકત

(બ) ઉતાવળે આંબા ન પાકે

(૭) અર્થ બદલ્યા વિના વાક્ય રૂપાંતર કરો : (૨)

(અ) શહીદનો દીકરો અસત્ય બોલે નહીં

(બ) બંગલો કદાચ જૂનો હતો.

(૮) અલંકાર ઓળખો : (૨)

(અ) ઊંચીનીચી ફર્યા કરે જીવનની ઘટમાળ,

ભરતી એની ઓટ છે, ઓટ પછી જુવાળ.

(બ) હીરા તે હીરા, કાચ તે કાચ.

(૯) રસ ઓળખો : (૨)

(અ) પ્રિયે, તુજ લટે ધરું ધવલ સ્વચ્છ મોગરો,

નહીં, નિકટ એથિ પર્સ હક આ સમે માહરો.

(બ) કુપ્રથા સામે લડે સામી છાતીએ તે સાચો વીર

વિભાગ - ૫ લેખન કૌશલ્ય (૧૮ ગુણ)

કૃતિ ૫. (અ) નીચેનામાંથી કોઈપણ બે કૃતિ કરો : **[૧૦]**

(૧) નીચેની જાહેરખબરના અનુસંધાનમાં અરજી કરો. (૫)

'મુંબઈ સમાચાર' તા. ૧૭/૨/૨૪

જોઈએ છે - પંચતારક હૉટેલમાં

'સ્વાગતકર્તા' (રિસેપ્શનિસ્ટ)

યોગ્યતા - સ્નાતક, કૉમ્પ્યુટરનું જ્ઞાન આવશ્યક

અનુભવ - ઓછામાં ઓછો બે વર્ષનો અનુભવ જરૂરી

સંપર્ક - 'રૉયલ હૉટેલ' જુહુ બીચ, પાર્લા (પશ્ચિમ)

મુંબઈ - ૪૦૦૦૫૬

ઈ-મેઈલ - roytel56@gmail.com

(૨) માહિતીનું રૂપાંતરણ કરો : (૫)

મિત્રો, ઘણાં વિદ્યાર્થીઓને કેલીગ્રાફી શીખતાં તમે સાંભળ્યું હશે. કદાચ તે સાંભળીને અને જોઈને તમે 'અરે વાહ!' અથવા તો 'કેટલું સરસ!' કે પછી 'વાઉ' એમ બોલી ગયા હશો. ખરું ને ? પણ તમે તેના વિશે કંઈ જાણો છો ખરાં ? કેલીગ્રાફી એટલે સુંદરલેખન. આ કલાની શોધ દસમી સદીમાં થઈ હતી અને સમયાંતરે તેમાં પરિવર્તન થતું રહ્યું છે. તેના પાશ્ચાત્ય કેલીગ્રાફી, પૂર્વ એશિયાઈ કેલીગ્રાફી, દક્ષિણ એશિયાઈ કેલીગ્રાફી અને ઈસ્લામિક કેલીગ્રાફી જેવા પ્રકાર છે. કેલીગ્રાફી માટે ડ્રાઈંગબુક, ગ્રાફ પેપર, કેલીગ્રાફીની પેન, બ્રશ અને સારા પ્રકારની શાહીની જરૂર પડે છે.

આ કલાનો ઉપયોગ સર્જનાત્મક કલામાં થાય છે. દા.ત. પુસ્તકની ડિઝાઈન, ચિહ્નો, પ્રતીકો, મુદ્રાલેખ, લગ્નપત્રિકા,

આમંત્રણપત્રિકા, જન્મદિવસ કે એવા પ્રસંગોના અભિનંદનકાર્ડ વગેરે બનાવવામાં થાય છે. તમારા સંગણકમાં ઉપયોગી 'ફોન્ટ' એ કેલીગ્રાફી જ છે.

આ કલા અભિવ્યક્તિનુ પ્રભાવશાળી માધ્યમ છે. જે આપણી સર્જનશક્તિનો વિકાસ કરે છે તથા આપણામાં શાંતિ, સ્વસ્થતા અને એકાગ્રતાના ગુણો ખીલવે છે તેમજ આપણી સૌંદર્યદૃષ્ટિ વિકસે છે.

(૩) અવકાશયાત્રીની મુલાકાત માટેના પ્રશ્નો તૈયાર કરો. (૫)

(આ) નીચેનામાંથી <u>કોઈપણ એક</u> કૃતિ કરો : **(૮)**

(૧) તમારી કૉલેજમાં રક્તદાન શિબિરના ઉદ્‌ઘાટન સમારંભ માટે વક્તવ્ય તૈયાર કરો.

(૨) નીચેનું ચિત્ર જોઈ કાવ્ય/વાર્તા/સંવાદ/પરિચ્છેદ લખો.



◆◆◆